**બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરના વિદ્યાર્થીઓએ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી**

આજ તા ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના પાંચમા સેમેસ્ટરના ૧૪૦ વિદ્યાર્થીઓએ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી. આ મુલાકાતનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને સંશોધન કેન્દ્રમાં શાકભાજી પાકો પર થતા સંશોધની શૈક્ષણિક માહિતી આપવાનો હતો. ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી),એ દૈનિક આહારમાં શાકભાજીપાકોનું મહત્વ અને હાલની પરિસ્થિતિ તેમજ સંશોધન કેન્દ્રમાં ચાલતી પ્રવુંતિયો વિશે વિસ્તૃત માહિતી આપી. ડૉ. એન. એ. પટેલ અને ડૉ. એમ. એમ. પંડ્યા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકોએ પાકની ગુણવત્તા વધારવા અને નવી શાકભાજી જાતોને વિકસાવવા માટે જરૂરી વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિશે સમજ આપી. શ્રી કે. જે. વેકરિયા, કૃષિ અધિકારી અને ડૉ. પી. એમ. રહેવર, સંશોધન સહાયક દ્વારા કારેલા, દૂધી, તુરીયા અને ભીંડામાં હાઇબ્રિડ બીજ ઉત્પાદનની કાર્યપદ્ધતિ ઉપરાંત હાઇબ્રિડ બીજના ઉપયોગ અને અગત્યતા વિષે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ. અંતમાં ડૉ. સ્નેહા મકવાણા, એસોસીયેટ પ્રોફેસર અને વડા, જીનેટીક્સ એન્ડ પ્લાન્ટ બ્રીડીંગ, બી.એ.સી.એ. દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ.









